હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૮૨૯, વર્ષ : ૩૫, અંક : ૦૬
૧૬-માર્ચ, ૨૦૨૪

# ઉદીચ્ય

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

રંગ ઉડાવે પિચકારી
રંગથી રંગ જાય દુનિયા સારી
હોળીના રંગ તમારા જીવનને ખુશીઓથી રંગ દે
આજ શુભકામના અમારી...
શુભ હોળી

રંગનો તહેવાર છે 'હોળી-ધુળેટી'
રાજી રાજી થઇ ઉજવી લેજો...
અમે થોડાક દૂર છીએ તમારાથી
થોડુંક ગુલાલ અમારા તરફથી પણ લગાવી લેજો.
હોળી - ધૂળેટીની શુભકામનાઓ.

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

કવિ કુલગુરૂ કાલિદાસના શબ્દોમાં જોઈએ તો માણસ ઉત્સવ પ્રિય હોય છે. ઉત્સવોની ઉજવણીથી માનવજીવનમાં ચૈતન્યનો પમરાટ સતત ધબકતો રહે છે. ઉત્સવો વગરનું જીવન શુષ્ક બને છે અને તેથી જ ભારતીય સંસ્કૃતિમાં તીર્થો, તહેવારો અને પર્વોની ઉજવણીનો ભારે મહિમા ગવાયો છે. પ્રત્યેક તહેવાર પર્વની ઉજવણી પાછળ વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક અભિગમ જોડાયેલો છે.

"સબ ઘટ મેરો સાંઈયા ખાલી ઘટ નહીં કોઈ;
બલિહારી વા ઘટ કી જા ઘટ પર ઘટ હોઈ."

ભગવાન માત્ર મંદિરમાં જ નહિ પરંતુ દરેકના ઘટ-ઘટમાં બિરાજમાન છે અને ઈશ્વરની સર્વવ્યાપકતાનું પર્વ એટલે હોળી.

ફાગણસુદ પૂનમને દિવસે હોલિકાનો ઉત્સવ મનાવવામાં આવે છે. હોળીનો ઉત્સવ એટલે વસંતને વધાવવાનો ઉત્સવ. શ્રીમદ્ ભગવતના સાતમાં સ્કંધ અધ્યાય-૭ માં પ્રહલાદની કથા આવે છે. હિરણ્યકશ્યપ નામના રાક્ષસને ત્યાં પ્રહલાદ જેવા ભકત પુત્રનો જન્મ થયો. ભારતીય સંસ્કૃતિની એ જ વિશિષ્ટતા છે કે રાક્ષસને ત્યાં ભકત પુત્ર જન્મે. પ્રહલાદ જેવા પ્રભુ ભક્તને જીવતો સળગાવી દેવાનો પ્રયત્ન કર્યો પણ ભગવાન વિષ્ણુએ નૃસિંહ અવતાર ધારણ કરીને ભક્તની વહારે આવ્યા. આથી હોલિકાનું પૂજન હજારો વર્ષોથી આપણે કરી છીએ. હોળીના દિવસે નગર/સોસાયટીના બધા લોકો ભેગા મળી છાણાં, લાકડા ભેગા કરી હોલિકા દહન કરવામાં આવે છે અને પ્રદક્ષિણા કરી આસુરી શકિતનો નાશ થાય તેવી પ્રાર્થના કરવામાં આવે છે. પ્રદક્ષિણા કરી પ્રાર્થના કરવામાં આવે છે કે આપણા દુષ્કર્મોને બાળજો પણ સત્કર્મોનું રક્ષણ કરજો. આ પૂજનએ ખરાબવૃત્તિના નાશ માટે તેમજ સદ્‌વૃત્તિના રક્ષણ માટે આપણા સૌના હૃદયમાં રહેલી શુભ ભાવનાનું પ્રતિક છે. હોળીમાં આપણા જીવનમાં રહેલા ખોટા તર્ક-વિતર્કો, ભેદભાવ, દુષ્ટવિચારોને પણ બાળવા જોઈએ. હોળી ધૂળેટી વસંતઋતુમાં આવે છે આયુર્વેદે આ ઋતુને કફપ્રધાન ઋતુ ગણાવી છે તેથી તેમાં રૂક્ષ પદાર્થો, જુવારની ધાણી, ચણા, ખજૂર ખાવાનું વિધાન પણ રહેલું છે. હોળી જયારે પ્રગટે છે ત્યારે આપણે તેમાં ઈશ્વરની સર્વવ્યાપકતાના દર્શન કરીએ છીએ. આપણા ગુજરાતમાં હોલિકા દહનના દિવસે નવા જન્મેલા બાળકોને, તેમજ નવપરણિત યુગલોને પણ પગે લાગવાની પરંપરા ચાલી આવે છે. આ સાથે ઠંડી પણ વિદાય લે છે. ભગવાન અગ્નિમાં પણ છે અને જો ભગવાનની કૃપા થાય તો અગ્નિ પણ શિતળ થઈ જાય છે. હોલીકા દહનના તહેવારનું સાચું મૂલ્યાંકન કરીને આપણા આધ્યાત્મિક બળને પુષ્ટી આપવા ભગવાનનું સ્મરણ કરતા રહેવું.

હોળીનો બીજો દિવસ એટલે કુદરતે આપણી આસપાસ જે રંગો છે તેને માણવાનો ઉત્સવ રંગોત્સવ 'ધૂળેટી'. મનુષ્યના જીવનમાં રંગોનું ખૂબ જ મહત્વ છે રંગ વિના જીવનમાં ઉમંગ નથી હોતો હમેંશા રંગમાં રહેવુ અને રંગ રાખવો આ બે આપણા જીવનના પ્રભુશ્રીએ આપેલા ઉપહાર છે. સત્યનો જયઘોષ અને વિજયનાદ રંગોની છોળો ઉડાડીને કરીએ છીએ તે જ છે આ 'ધૂળેટી'. રંગ તો મનુષ્ય, પશુઓ, પ્રાણીઓ, જંતુઓ સર્વે ધારણ કરે છે. પણ કાચિંડાનો રંગ ભરમાવે છે જયારે પતંગિયાના રંગ મનુષ્યને આધ્યાત્મિક અને આત્મિક સુખની અનુભૂતિ કરાવે છે. જીવનમાં હતાશા, નિરાશા અને ઉદાસિનતાના રંગો હોવા જ ન જોઈએ.

હોળીનો ઉત્સવ એ ફાગણના રંગોથી સૌના જીવનને રંગીન બનાવતો વસંતોત્સવ છે. આપણામાં સંઘનિષ્ઠાનો મહિમા સમજાવતા અને આપણી દુષ્વૃત્તિને બાળવાનો, એકતા તથા માનવ-માનવની સાંકળ બનાવવાનો સંદેશ આપતો ઉત્સવ છે. દુષ્કર્મોની કરીએ 'હોળી' અને સત્કર્મોથી ઉજવીએ 'ધૂળેટી' એ જ અભ્યર્થના.

તા. ૧૬-૦૩-૨૦૨૪
પાટણ.

**પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા**
**(કુલપતિશ્રી)**

# યુનિવર્સિટી ન્યુઝ

## નિમણૂક



હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ ૨૦૨૩ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ૧૯મા કુલપતિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા સાહેબશ્રીની નિમણૂક કરવામાં આવી. માનનીય કુલપતિશ્રી બી.એસસી. અને એમ.એસસી. ભૌતિકશાસ્ત્ર વિષય સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટથી અભ્યાસ કરેલ છે. DKV કૉલેજ, જામનગરમાં ૧૯૮૬થી અધ્યાપક તરીકે શૈક્ષણિક કારકિર્દીની શરૂઆત કરી. ત્યારબાદ VNSGU, સુરતમાં રીડર તરીકે જોડાઈ ૨૦૦૨માં પ્રોફેસર તરીકે પદોન્નતિ થઈ અને ૨૦૦૬થી ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા તરીકે તેમજ કૉલેજ ડેવલેપમેન્ટ કાઉન્સિલમાં ડીન તરીકે, IQAC સેલના ભૂતપૂર્વ ડાયરેક્ટર તરીકે, સેનેટ અને સિન્ડીકેટ સભ્ય તરીકે, ફાઈનાન્સ કમિટીના સભ્ય જેવા અલગ–અલગ વહીવટી હોદ્દા ઉપર કાર્ય કરેલ છે. 'દક્ષિણાયન' ન્યૂઝ લેટરના મુખ્ય સંપાદક તરીકે, પ્રકાશન સમિતિના સભ્યશ્રી તરીકે અને એસ.સી./એસ.ટી. સેલના સભ્ય તરીકે પણ કાર્ય કરેલ છે. તેઓશ્રી દ્વારા ૮–પુસ્તક, ૨૭ જેટલાં સંશોધન પેપરો, ૬૦ કરતા વધારે રિસર્ચ પેપર પ્રસ્તુત કરેલા છે, ૪૭ એફ.ડી.પી., ૧૫ કરતા પણ વધારે કોન્ફરન્સ/સેમિનાર/વેબિનાર અટેન્ડ કરેલા છે, ૪૦૫ જેટલા વિવિધ એવોર્ડ પ્રાપ્ત કરેલ અને ૭ વિદ્યાર્થીઓને પીએચ.ડી.નું માર્ગદર્શન પૂરું પાડ્યું છે. માઈક્રો–ઈલેક્ટ્રોનિક્સ, નેનો–ઈલેક્ટ્રોનિક્સ, નેનો–સાયન્સ, એડવાન્સ સાયન્સ સાહેબશ્રીના રસના વિષયો છે.



હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કા.કુલપતિશ્રી ડૉ. રોહિત એન. દેસાઈ સાહેબશ્રીએ યુનિવર્સિટીમાં કાયમી કુલસચિવ તરીકેનો પદભાર પુનઃસંભાળ્યો. સાહેબશ્રી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ચાણસ્મામાં પ્રિન્સીપાલ તરીકે સેવાઓ આપેલ છે. અર્થશાસ્ત્ર વિષયમાં એમ.એ., પીએચ.ડી.ની શૈક્ષણિક લાયકાત ધરાવે છે. ડૉ. દેસાઈ સાહેબ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની વિવિધ સમિતિઓ જેવી કે પ્લાનિંગ બોર્ડ ઓફ HNGU, એકેડેમિક કાઉન્સિલ, BUTRના સભ્ય, કોમર્સ ફેકલ્ટીના ડીન તરીકે, અલગ અલગ યુનિવર્સિટીમાં Expert તરીકે, તેમજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના વડાલી સ્થિત સબસેન્ટરના ડાયરેક્ટર તરીકેનો ચાર્જ પણ સંભાળે છે.

ડૉ. દેસાઈ સાહેબ ખૂબ જ બહોળો શૈક્ષણિક અને વહીવટીય અનુભવ ધરાવે છે. તેઓશ્રીએ ૨૧ પુસ્તકો, ૨૮ થી વધુ લેખો પ્રકાશિત કરેલા છે. ૩૩ જેટલા આંતરરાષ્ટ્રીય–રાષ્ટ્રીય લેવલની કોન્ફરન્સ/સેમીનારમાં ભાગ લીધેલો છે. તેમના માર્ગદર્શન નીચે ૧૦ વિદ્યાર્થીઓએ પી.એચ.ડી.ની પદવી મેળવી છે અને ૩૫ વિદ્યાર્થીઓએ M.Phil. ની પદવી પ્રાપ્ત કરેલ છે.

## બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને એકઝીક્યુટીવ કાઉન્સિલના સભ્યોની નિમણૂક

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં ગુજરાત પબ્લિક યુનિવર્સિટી કોમન એક્ટ મુજબ બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યોની રાજ્ય સરકાર દ્વારા નિયુકિત કરવામાં આવી, જેમાં ચેરમેન તરીકે પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા સાહેબ (કુલપતિશ્રી), સેક્રેટરી મેમ્બર તરીકે ડૉ. રોહિત એન. દેસાઈ સાહેબ (કુલસચિવશ્રી) અન્ય સભ્યશ્રીઓમાં ડૉ. ઉદય ગોર (પ્રતિષ્ઠિત તજજ્ઞ), શ્રીમતી ઈલાબેન પટેલ (કેમ્પસ અધ્યાપક), ડૉ. ખુમાનસિંહ રાઠોડ (કેમ્પસ અધ્યાપક), શ્રી કિરીટભાઈ પરમાર (રજીસ્ટર ગ્રેજયુએટ), શ્રી હિરેનભાઈ પટેલ (રજીસ્ટર ગ્રેજયુએટ) અને પ્રો, અશોક સુભાષ માંડલ (એનઆઈડી, ગાંધીનગર) સમાવેશ કરાયો છે.

સાથે સાથે એકઝીક્યુટીવ કાઉન્સિલના સભ્યોની પણ નિમણૂક કરવામાં આવી.

પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા સાહેબશ્રી (ચેરપર્સન), ડૉ. રોહિત એન. દેસાઈ સાહેબશ્રી (મેમ્બર સેક્રેટરી), પરીક્ષા નિયામકશ્રી, મુખ્ય હિસાબી અધિકારીશ્રી ઉપરાંત કુલપતિશ્રી દ્વારા નિયુકત કરવાની બેઠકો પૈકી યુનિવર્સિટી ટીચર્સમાં પ્રો. તપસ ચક્રવર્તી, રાજય સરકાર દ્વારા નિયુકત થતા શિક્ષણ, સામાજિક કાર્યકર, જાહેર વહીવટકર્તા, પછાત વર્ગના પ્રતિનિધિઓમાંથી શ્રી ગજેન્દ્રસિંહ આર. ચૌહાણ, ડૉ. લક્ષ્મણ એસ. ભૂતડિયા, શ્રી વેલજીભાઈ એ. પરમાર, શ્રી મુકેશભાઈ કે. પટેલનો સમાવેશ થાય છે. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રી ક્ષેત્રે સંકળાયેલા શ્રી કિર્તીકુમાર જે. પટેલની વરણી કરવામાં આવી.

## વંદન-અભિનંદન કાર્યક્રમ






હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિશ્રી અને કુલસચિવશ્રીની નિમણૂક થતા યુનિવર્સિટીના કનવેન્શન હોલ ખાતે તેઓશ્રીને આવકારવા તથા સન્માનીત કરવા વંદન-અભિનંદનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં ગોતરકા આશ્રમના સંત શ્રી બ્રહ્મમુનિ મહારાજ ઉપસ્થિત રહી કુલપતિશ્રી તથા કુલસચિવશ્રીને આશિર્વાદ પાઠવ્યા હતા. યુવાનો, બાળકો અને કુટુંબ વ્યવસ્થા પણ આદર્શ ઘર બને, યુનિવર્સિટી ગુરૂકુળ બને તે માટે જાગૃત બની કામ કરવાની અપીલ કરી હતી. કુલપતિશ્રીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે શિક્ષણરૂપી યજ્ઞ કાર્યમાં સૌના સાથ અને સહકારથી આગળ વધીશું તથા આ યુનિવર્સિટીને સહિયારા પ્રયાસ થકી નામાંકિત યુનિવર્સિટીમાં સ્થાન અપાવવા માટે કાર્ય કરીશું. આ પ્રસંગે કુલસચિવશ્રીએ તેમના કાર્યકાળ દરમ્યાન સૌના સાથ થકી યુનિવર્સિટીમાં અનેક સીમાચિન્હ રૂપ કામ કર્યા હોવાનું જણાવ્યું હતું. આ વંદન-અભિનંદન સમારોહમાં અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, અધિકારીશ્રીઓ, સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, પૂર્વ કારોબારી સભ્યશ્રીઓ, ટીચીંગ તથા નોન-ટીચીંગ સ્ટાફ તથા અન્ય આમંત્રિત મહેમાનો અને પત્રકાર મિત્રો ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો તથા કુલપતિશ્રી પ્રો.ડૉ. કિશોરકુમાર પોરિયા તથા કુલસચિવશ્રી ડૉ. રોહિત એન. દેસાઈને અભિનંદન પાઠવ્યા હતા.

## એન.એસ.એસ.





હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ ચલાવતી કૉલેજોના ૧૦૦૦ થી વધુ સ્વયંસેવકો એ તા.૧૬ થી ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમ્યાન શ્રી વાળીનાથ મહાદેવ મંદિર મુ. તરભ તા. વિસનગર મુકામે અતિભવ્ય મંદિરની પ્રતિષ્ઠા હોઈ તેમાં મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ પધારવાના હોવાથી જુદા-જુદા સેવાકાર્યોની જરૂરિયાત માટે સેવાકીય પ્રવૃતિમાં જોડાયા હતા. જેઓએ ભોજન પીરસવાની વ્યવસ્થા, પાર્કિંગ, યજ્ઞ શાળા વ્યવસ્થા, સ્વચ્છતા, નિવાસ વ્યવસ્થા તેમજ વાસણ સફાઈ જેવા સેવા કાર્યો ખૂબ ઉત્સાહથી કરી ભગીરથ કાર્યમાં જોડાયા હતા. તેઓની આ પ્રસંસનીય કામગીરીથી વાળીનાથ મંદિરના મહંતશ્રી અને ટ્રસ્ટીશ્રીઓ એ આભાર વ્યકત કર્યો હતો.

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦



✲ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત 04 Year U.G. Pragramme માં હોમ સાયન્સ વિદ્યાશાખામાં ચેરમેનની વરણી કરવા સંદર્ભે એક સભા તા. ૧૭-૭-૨૦૨૩ના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, પાટણ ખાતે મળી હતી.



✲ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત 04 Year U.G. Pragramme માં વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, હોમ સાયન્સ, રૂરલ, સ્ટડીઝ, મેનેજમેન્ટ વિદ્યાશાખાના ડીનશ્રીઓને એક સભા તા. ૫-૮-૨૦૨૩ના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, પાટણ ખાતે મળી હતી.

## વ્યાખ્યાન



હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ, ખાતે ભારતીય નાણાંકીય પ્રણાલીમાં ટેકનોલોજીકલ અને ડિઝીટલ ઓનલાઈન કપટપૂર્વકના વ્યવહારો અંગેની જાગૃત્તિ માટે આર.બી.આઈ. લોકપાલ કાર્યાલય, અમદાવાદ થી આવેલા શ્રીમાન ભૂપેન્દ્ર ત્રિપાઠી, આસિસ્ટન્ટ જનરલ મેનેજર તથા શ્રી જય સુથાર દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં બેકિંગ ક્ષેત્રે કવીઝ કોમ્પીટેશનનું આયોજન થયેલ. જેમાં વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં લાઈફ સાયન્સ, કોમ્પ્યુટર સાયન્સ, ગણિત વિભાગ તેમજ બી.બી.એ./બી.કોમ વિભાગના વિદ્યાર્થીઓએ ઈનામ મેળવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન લાઈફ સાયન્સ વિભાગના વડા ડો. એસ.એ.ભટ્ટ તથા હોસ્પીટલ મેનેજમેન્ટ વિભાગના વડા ડો. કે.કે. પટેલની હાજરી હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓને વર્તમાન સમયમાં ચાલતી ઓનલાઈન કપટપૂર્વક કરવામાં આવતી છેતરપીડી વિરૂદ્ધ કયાં અને કેવી રીતે પગલાં લેવા તેની સંપૂર્ણ માહિતી મેળવી હતી, જે તેમને રોજબરોજના ઓનલાઈન બેંકિંગને લગતાં આર્થિક વ્યવહારો કરવામાં ખૂબજ ઉપયોગી નીવડશે.

## વર્કશોપ




હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સ્થિત કન્વેશન હોલ ખાતે તા. ૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ઓલ ઈન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન (AISHE) અંતર્ગત ઉત્તર ગુજરાતના પાટણ, મહેસાણા અને બનાસકાંઠા જીલ્લામાં આવેલી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કુલ ૨૮૪ કોલેજોના નોડલ ઓફિસર તેમજ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ સંલગ્ન કોલેજોના નોડલ ઓફિસરનો એક દિવસીય કાર્યશાળા યોજાઈ હતી. આ કાર્યશાળાનો પ્રારંભ કરાવતા પાટણ યુનિવર્સિટીના કા. કુલપતિ પ્રો. ડૉ. રોહિત એન. દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર હોય કે કેન્દ્ર સરકાર તેની નીતિ નિર્ધારણ માટે કોઈપણ ક્ષેત્રમાંથી મળેલી માહિતીનું યોગ્ય પૃથ્થકરણ જરૂરી હોય છે. ત્યારે ઉચ્ચ શિક્ષણમાં આ માહિતી એકત્ર કરવાની જવાબદારી A.I.S.H.E. કરી રહ્યું છે. આ કામ ખુબ ચોકસાઈ અને ચીવટ માગી લે છે. સરકારે નવી શિક્ષણ નીતિની અમલવારી શરૂ કરી છે ત્યારે કોલેજો પણ પોતાની સચોટ માહિતી પ્રદાન કરે તો ભારત ઉચ્ચ શિક્ષણની દિશામાં પણ અગ્રીમ હરોળમાં રહેશે.

ભારત સરકારના એજ્યુકેશન મીનીસ્ટ્રીના આસી. ડાયરેક્ટર સૌરભ કાન્તે જણાવ્યું હતું કે, આજના જમાનામાં AIનો ઉપયોગ વધી રહ્યો છે. ત્યારે વિભાગ પાસે પણ દેશનો સાચો અને સચોટ ડેટા ખુબ ઉપયોગી નીવડે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝન વિકસિત ભારત-૨૦૪૭ છે. જે અંતર્ગત દેશના ૭૦૦૦ જેટલા તાલુકાનો વિશેષ અભ્યાસ બાદ શૈક્ષણિક વિકાસ કરવાનો ઉદેશ્ય છે.

આ વિભાગના પ્રોગ્રામર શિવમ પાંડેએ જણાવ્યું હતું કે, નોડલ ઓફિસર ખુબ જ મહત્વનું કામ કરી રહ્યા છે આ વિગતો જે મળશે તે પીએમ ગતિશક્તિ સાથે જોડાશે જેનાથી દેશની નવી શિક્ષણ નીતિમાં ખુબ જ મોટો સુધાર આવશે દેશના એસ.સી, એસ.ટી, ઓ.બી.સી સહીત વિવિધ ભૌગોલિક વિસ્તારોની શૈક્ષણિક જરૂરિયાતો જાણવા મળશે હાલ ગુજરાતની સૌથી વધુ કોલેજો એટલે કે ૬૦૦ થી વધુ કોલેજો ધરાવતી પાટણ યુનિવર્સિટી એટલે જ પસંદ કરી છે કારણકે ઉત્તર ગુજરાતમાં તમામ પ્રકારની જનસંખ્યા અને

ભૌગોલિક વિસ્તાર છે.

આ કાર્યક્રમમાં કેસીજી માંથી ડો. દિનેશકુમાર શર્મા, સ્ટેટ નોડલ ઓફિસર AISHE, પ્રો. એચ.એલ પડિયા, કો-ઓર્ડિનેટર AISHE, ડૉ. બ્રિજેશ રાઠોડ, OSD-NIRF GSIRF અને ન્યુ દિલ્હીના સૌરભ કાન્ત-આસિસ્ટન્ટ ડિરેક્ટોર, મીનીસ્ટ્રી ઓફ એજ્યુકેસન, શિવમ પાંડે, પ્રોગ્રામર, ડેપ્યુટી રજીસ્ટ્રાર ડૉ. કમલ મોઢ, આસી. રજીસ્ટ્રાર ડૉ. પારુલ ત્રિવેદી સહીત ૩૦૬ થી વધારે નોડલ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા.

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી




✻ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના સાંસ્કૃતિક વિભાગ દ્વારા તા. ૪-૧-૨૦૨૪ ના રોજ ફેશન-શોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને વાઘેલા સુરેખા બી. (બી. એ. સેમ-૨), દ્વિતીય સ્થાને વાળંદ માનસી જે. (બી. એ. સેમ-૬) તથા તૃતીય સ્થાને પ્રજાપતિ ગ્રીષ્મા કે. (બી. એ. સેમ-૨) ની વિદ્યાર્થીનીઓ વિજયી બન્યા હતા. નિર્ણાયક તરીકે ડૉ. રતનબેન પી. સોલંકીએ કામગીરી કરી હતી. પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડૉ. જૈમિનીબેન સી. સોલંકી તથા કૉલેજના પ્રિ. ડૉ. હિનાબેન એમ. પટેલના સુયોગ્ય માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.



✻ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં તા.૧૦-૧-૨૦૨૪ને બુધવારના રોજ હિન્દી વિભાગ દ્વારા 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવી કૉલેજના આચાર્યશ્રી ડૉ. એ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં હિંદી વિભાગની અધ્યક્ષા ડૉ. પનેસરબેનએ 'વિશ્વ હિન્દી દિવસ' પર વિશ્વ સ્તરે હિંદીનું મહત્વ અને ઉદ્દેશ્ય પર વિચારો રજૂ કર્યા વિદ્યાર્થીઓ પણ વિશ્વ હિન્દી દિવસ પર પોતાના વિચારો રજૂ કર્યા અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. પ્રિ. ડૉ. એ.કે. પટેલ અને શામળાજી પ્રદેશ કેળવણી મંડળના મંત્રી દિલીપભાઈ કટારા એ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. રવિન્દ્ર પરમાર અને આભારવિધિ ડૉ. કલ્પનાબેને કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## એન.એસ.એસ.




✻ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણાના એન.એસ.એસ. યુનિટ દ્વારા કરુણા અભિયાન કાર્યક્રમ તા.૧૩-૧-૨૦૨૪ ના રોજ યોજાયો. જેમાં એન.એસ.એસ.ની ૩૫ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.રમણભાઈ સોલંકીએ વિદ્યાર્થિનીઓને પ્રતિજ્ઞા લેવડાવી હતી કે 'અમો ચાઈનીઝ દોરી કે તુક્કલનો ઉપયોગ કરીશું નહીં અને સવારે અને સાંજે પતંગ ઉડાડીશું નહીં'. આ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. સવિતાબેન પટેલ સહિત સમગ્ર સ્ટાફ જોડાયો હતો. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ.સુનીતાબેન સુપહિયાએ શુભેચ્છાઓ પાઠવી હતી.



✻ રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય અમદાવાદ અને શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણાના એન.એસ.એસ. યુનિટના સંયુક્ત ઉપક્રમે તા.૩- ૧-૨૦૨૪ ના રોજ થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો. જેમાં બીએ સેમ- ૨ ની ૨૮૬ વિદ્યાર્થીનીઓના બ્લડ સેમ્પલ કલેક્ટ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ પ્રિ.ડૉ.સુનીતાબેન સુપહીયાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.રમણભાઈ સોલંકી તથા ડૉ.સવિતાબેન પટેલ દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં હોમ સાયન્સ વિભાગના ડૉ. હેમલતાબેન પટેલ અને સમગ્ર સ્ટાફનો સહયોગ રહ્યો હતો.

## કાર્યક્રમ



✲ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં તા.૯-૧- ૨૦૨૪ના રોજ વાઈબ્રન્ટ ગુજરાત- ૨૦૨૪ અંતર્ગત વિદ્યાર્થીનીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવાય તે હેતુસર પ્રતિજ્ઞાઓ લેવડાવી કે-હું પર્યાવરણ- મૈત્રીપૂર્ણ જીવનશૈલી હાથ ધરવા અને વસુધૈવ કુટુમ્બકમના ફિલસૂફી નો અભ્યાસ કરવાનો સંકલ્પ કરું છું. કૉલેજના ઇન્ચાર્જ પ્રિ.ડૉ. સુનીતાબેન સુપહીયા તથા સ્ટાફ મિત્રો ની હાજરીમાં ડૉ. નરેન્દ્ર કે, પટેલે વિદ્યાર્થિનીઓને પ્રતિજ્ઞા લેવડાવી, જેમાં ૭૬ વિદ્યાર્થીનીઓ હાજર રહી પ્રતિજ્ઞા લીધી હતી.

✲ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટસ કૉલેજ, વિજાપુરમાં તા. ૧૫-૧૨-૨૦૨૩ના રોજ કન્ઝ્યુમર અવેરનેસ કાર્યક્રમ યોજાયો. જેમાં કન્ઝ્યુમર પ્રોટેક્શન એશોશિએશન હિંમતનગરના પ્રમુખ ડૉ. કશ્યપનાથ ઉપાધ્યાય, કો-ઓર્ડીનેટર રાજેન્દ્રસિંહજી ચૌહાણ તથા સાયબર એક્ષ્પર્ટ મૌલીક કુમાર ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કૉલેજની વિદ્યાર્થિનીઓને બજારમાં થતી જુદી-જુદી છેતરપીંડીથી કઈ રીતે બચી શકાય તેની વિસ્તૃત માહિતી આપી. ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડિયા (TRAI) વિષે પણ માહિતગાર કરી હતી. ઈ- કોમર્સ કંપનીઓ તથા ઓનલાઈન ખરીદી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું તેની માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ તથા સમગ્ર સ્ટાફે એ ખૂબ જ રસપૂર્વક ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિ. સુરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રા.ડૉ.વિનોદચન્દ્ર પટેલ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું હતું.

## વ્યાખ્યાન




શ્રી કે.આર.કટારા આર્ટ્સ કોલેજ શામળાજીમા તા-૨૩-૧૨-૨૦૨૩ના રોજ ગુજરાત સરકાર અને ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગરની યજ્ઞ વ્યાખ્યાન સિરીઝ અંતર્ગત ''વિકસીત ભારત-૨૦૪૭'' વિષય પર ડૉ. સંજયભાઈ પટેલે હાજર રહી ભારત દેશ ૧૯૪૭માં આઝાદ થયો ત્યારથી લઈ આજ સુધીની સફરમાં દેશે કરેલ પ્રગતિ અંગેની વાત કરી હતી. સમગ્ર દેશની ભૌગોલિક પરિસ્થિતિ વર્ણવી તેનું જતન કરવા અને નવી ટેક્નોલોજી અને શિક્ષણના માધ્યમથી દેશને વિકસીત કરવા માટે પ્રત્યેક નાગરિકે યોગદાન આપવું જોઇએ એમ સમજાવી વૃધ્ધિ અને વિકાસ વચ્ચેની ભેદરેખા સુંદર મજાના દાખલા, દલીલો અને સુંદર મજાની ઉક્તિઓથી પ્રેક્ષકગણને સમજાવ્યું હતું. હવે ૨૦૪૭ તરફ આપણો દેશ જ્યારે મંડાણ કરી રહ્યો છે ત્યારે પ્રાચીન ભારત, મધ્ય યુગ, ભવ્ય ભારતનો ભૂતકાળ પુનઃ યાદ કરીને એચ.ડી.આઇ.ને વધારવા માટે સુંદર ત્રણ અગત્યની બાબત માથાદીઠ આવક, જીવનધોરણ અને શિક્ષણ સંપાદન થકી ભવ્ય રાષ્ટ્રનો વિકાસ થાય તે બાબત ઉપર વિશેષ ભાર મૂક્યો હતો અને સૌમાં રાષ્ટ્રપ્રેમની ભાવના કેળવાય તેના પર સવિશેષ ભાર મૂક્યો હતો. વધુમાં સંજયભાઈએ શામળાજી કોલેજને પાંચ પુસ્તકો ભેટ સ્વરૂપે આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ ડૉ. હેમંત પટેલે કર્યું હતું. જ્યારે કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. જાગૃતિ પટેલે અને આભારવિધિ ડૉ. મધુસુદન વ્યાસે કરી હતી. સમગ્ર કાર્યક્રમ અધ્યાપક મિત્રો અને વિદ્યાર્થીઓના સહયોગથી સફળ રહ્યો હતો.

## વર્કશોપ

✲ શ્રીમતી આનંદીબેન શંકરભાઇ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણાના સાંસ્કૃતિક વિભાગ 'ઉડાન' અંતર્ગત નાટ્ય તાલીમ વર્કશોપ તા. ૫-૧૨-૨૩ના રોજ યોજાયો. જેમાં ગુજરાતી ફિલ્મ 'હરી ૐ હરી'ના કલાકારો નિસર્ગ વૈદ, સિદ્ધાર્થ રાંદેરીયા, રોનક કામદાર, વ્યોમાનંદીએ વિદ્યાર્થિનીઓમાં નાટ્ય અભિનય ક્ષમતા કેળવાય તે અંગે ગુજરાતી ફિલ્મ હરી ૐ હરીના સંવાદો સાથે અભિનય કરી વિદ્યાર્થિનીઓને ભાવવિભોર કર્યા. કોલેજના પ્રિ.ડૉ. સુનિતાબેન સુપહીયા, સાંસ્કૃતિક કન્વીનર ડૉ. અંજુબેન સુરાણા, ડૉ. નરેન્દ્ર પટેલ તથા સમગ્ર સ્ટાફ મિત્રોએ તેમનું સ્વાગત કરી આવકાર્યા. કોલેજની તમામ વિદ્યાર્થિનીઓ ખૂબ જ સંખ્યામાં ઉપસ્થિત રહી આ વર્કશોપને સફળ બનાવ્યો.



✲ મહિલા આર્ટ્સ કોલેજ વિદ્યાનગરી હિંમતનગર ખાતે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કનૈયાલાલ એલ. પટેલના માર્ગદર્શન અને અધ્યક્ષપદે તા. ૧૧ થી ૧૬, ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન શક્તિમંચ અમદાવાદના સહયોગથી 'સ્વનિર્ભરતા તરફ એક કદમ' અંતર્ગત કેક મેકિંગ અને બ્યુટી કૅર વર્કશોપ એન.એસ.એસ. યુનિટ અને જાયન્ટ્ સહિયર ગ્રૂપ હિંમતનગરના સંયુક્ત ઉપક્રમે યોજાયો. જેમાં શક્તિમંચના માસ્ટર ટ્રેનર કૌશિકભાઇ તન્ના અને સુષ્માબેન પાટીલે સૈદ્ધાંતિક અને પ્રેક્ટીકલ સાથે કેક મેકિંગ અને બ્યુટી કૅર વિશે સુંદર માહિતી આપી વિવિધ ફ્લેવર અને આકારની કેકો તૈયાર કરાવી હતી. વર્કશોપમાં કોલેજની ૪૫ જેટલી વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ

લઇ સ્વ-નિર્ભરતાની તરફ એક કદમ આગળ વધ્યા હતા. પ્રિન્સિપાલ ડૉ. કનૈયાલાલ એલ. પટેલે પ્રાસંગિક વક્તવ્યમાં વર્તમાન સમયની માંગને અનુરૂપ આ વર્કશોપ આશિર્વાદરૂપ સાબિત થશે. વર્કશોપને અંતે વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતાં. આવી સહ અભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજન બદલ કેળવણી મંડળના પ્રમુખ ડૉ. ડી.એલ. પટેલ અને ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઇએ આયોજકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતાં.

## શિબિર

✻ શ્રી બી.પી.બી. આર્ટસ એન્ડ એમ.એચ.જી. કોમર્સ કૉલેજ, ઉંઝા એન.એસ.એસ.ની વાર્ષિક શિબિર તા.૧૫/૧૨/૨૩ દરમિયાન કામલી મુકામે યોજાઇ. ત્રિભોવનદાસ પટેલ-ધાણાદાળ વાળાએ દીપ પ્રાગટ્ય કરીને શિબિરનું ઉદ્દઘાટન કર્યું હતું. ઊંઝા કેળવણી મંડળના પ્રમુખ પ્રહલાદભાઇ આર. પટેલના અધ્યક્ષપણા હેઠળ શ્રી બ્રહ્માણીમાતા મંદિર, કામલીના પ્રમુખ ગોપાલજી રાજપૂત અને ટ્રસ્ટી ભરતકુમાર ડી. પટેલે (લાટીવાળા) શિબિરાર્થીઓને આવકાર્યા હતા. ઊંઝા કેળવણી મંડળના સહમંત્રી હર્ષદભાઇ મોદીએ વિદ્યાર્થીઓએ ગ્રામીણ વિકાસ દ્વારા દેશના વિકાસમાં નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવવી જોઇએ તેમ જણાવ્યું હતું. સમગ્ર શિબિર દરમિયાન સ્વચ્છતા, અંધશ્રદ્ધા નિવારણ, રોડ સેફ્ટી, હેલ્થ અવેરનેસ. પશુ નિદાન કેમ્પ, પ્રૌઢ શિક્ષણ, સામાજિક- આર્થિક સર્વે, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે જેવી અનેક પ્રવૃતિઓ કરવામાં આવી હતી. કોલેજના પ્રિ.ડૉ. રાકેશ રાવે શિબિર દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ પાંચ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર તેમજ શાળામાં વિવિધ સ્પર્ધાઓમાં વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. ઉપરાંત શિબિરનું સફળ સંચાલન કરવા બદલ એન. એસ. એસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. આર. કે. શાહ અને ડૉ. દિવ્યાબેન ડી. પટેલની કામગીરીને બિરદાવી હતી. શિબિરના સમાપન પ્રસંગે ઉંઝા કોલેજના ડૉ. ડી. કે. પટેલ અને કામલીના પ્રકાશભાઇ પટેલ, પૂર્વ ઉપસરપંચ અને ડાહ્યાભાઈ ફોજીએ શિબિરાર્થીઓની વિવિધ પ્રવૃતિઓને બિરદાવી હતી.

## સ્પર્ધા

✻ ગુજરાત સરકાર યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા આયોજિત રાજ્ય કક્ષાની યુવા ઉત્સવ સ્પર્ધામાં સમગ્ર ગુજરાત રાજ્યમાં શ્રી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણના સંગીત ડીપાર્ટમેન્ટના ભાગ લીધેલ ચારેય સ્પર્ધાઓમાં ઈનામો પ્રાપ્ત કરીને અનેરી સિધ્ધી પ્રાપ્ત કરીને પાટણનું ગૌરવ વધાર્યું છે. તા. ૧૫,૧૬ ડિસેમ્બર,૨૦૨૩ ના રોજ પાટણ મુકામે રાજ્ય કક્ષાની યુવા ઉત્સવ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઝોન કક્ષાએ પાટણ આર્ટસ કોલેજના ચાર વિદ્યાર્થીઓ પ્રથમ નંબર પ્રાપ્ત કરીને રાજ્ય કક્ષાએ સિલેક્ટ થયા હતા. તમામ સ્પર્ધાઓમાં નંબરો પ્રાપ્ત કરીને પાટણ નું નામ રોશન કર્યું છે. નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓમાં મયુર દવે – શાસ્ત્રીય સંગીત, જયેશ માલી- વાંસળી વાદન, કૂ. પૂજા જોશી- સુગમ સંગીત અને સમૂહ ગીતના વિદ્યાર્થીઓ – ઈશાન રાઠોડ, તન્મય વ્યાસ, ઋષિ પટેલ, ભૂમિ જોશી, કિંજલ બારોટ, રીયા બારોટ છે. આ તમામ વિદ્યાર્થીઓ સંગીતની તાલીમ ડો સમ્યક પારેખ પાસે મેળવી રહ્યા છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં સંગીતમાં ડીગ્રી અભ્યાસક્રમ એક માત્ર પાટણમાં આર્ટસ કોલેજમાં શરુ કરવામાં આવ્યો છે અને સમગ્ર દેશમાંથી વિવિધ સંગીતના વિદ્વાનો દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવે છે.




✻ શ્રીમતી આનંદીબેન શંકરભાઇ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણાએ એચએનજીયુ-પાટણ યુથ ફેસ્ટિવલ કલ્પવૃક્ષ-૨૦૨૩માં ભાગ લીધો હતો. જેમાં 'ક્વિઝ કોમ્પિટિશન'માં કોલેજની વિદ્યાર્થિની ગોસ્વામી આસ્થા અને મલેક રોજમીને સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે. કોલેજના માનદ્ મંત્રીશ્રી દિલીપભાઇ ચૌધરી, સહમંત્રીશ્રી મિલનભાઇ ચૌધરી, ઇન્ચાર્જ પ્રિ. ડૉ. સુનીતાબેન સુપહિયા અને કલ્ચર કમિટીના સભ્યોએ આ બંને વિદ્યાર્થિનીઓએ અભિનંદન તથા શુભકામનાઓ પાઠવી હતી.



✻ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં તા. ૨૨.૧૨.૨૦૨૩ના રોજ સલાડ મેકિંગ સ્પર્ધા યોજાઇ ગઈ. જેમાં ૬ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે દેત્રોજા ધ્રુવી દિનેશભાઇ (એમ. એ. સેમ-૨), દ્વિતીય ક્રમે સલામબેન ઠાકોર (બી. એ. સેમ-૪) તથા તૃતીય ક્રમે ગ્રીષ્માબેન પ્રજાપતિ (બી. એ. સેમ-૨) વિજેતા રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. અશ્વિનીબેન બરબટેએ પ્રિ. ડૉ. હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સુચારું રીતે કર્યું હતું.

## સેમિનાર

✻ શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજ, પાટણમાં તા. ૧૮/૧૨/૨૦૨૩ના રોજ 'ઇન્ટિગ્રેટેડ પર્સનાલિટી ડેવલોપમેન્ટ કોર્સ (IPDC)' વિષય પર પાટણ જિલ્લાના વિવિધ કોલેજના આચાર્યો અને સંલગ્ન અધ્યાપકો માટે એક દિવસીય ઓરિએન્ટેશન સેમિનાર

યોજવામાં આવેલ. આ સેમિનારમાં ડૉ. જય ત્રિવેદી (એસ.કે.સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ, પાટણ) સંયોજક તરીકે જવાબદારી નિભાવેલ. વક્તા તરીકે હરિકૃષ્ણભાઇ ગોહિલ (હેડ મિકેનિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ, સુરત) તથા હરિકૃષ્ણભાઇ જેઠવા (હેડ, કમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટ ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કૉલેજ, પાટણ) દ્વારા પર્સનાલિટી ડેવલોપમેન્ટ વિષય પર ઉપસ્થિત આચાર્યો અને અધ્યાપકોને ખૂબ વિસ્તૃતથી માહિતી પૂરી પાડેલ. વિદ્યાર્થીઓને નકારાત્મકતાથી હકારાત્મકતા તરફ, વર્ગરૂમમાં ચોક ડસ્ટર વગર અભ્યાસ, વર્કબુક દ્વારા અભ્યાસ, સ્વઅધ્યયન વગેરે મહત્વની બાબતો અંગે સમજણ આપેલ. કાર્યક્રમનું સંચાલન પ્રો. ભૌતિક બી. પ્રજાપતિએ કરેલ.




❊ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કોલેજ, શામળાજીમાં IQAC અને વિપશ્યના કેન્દ્ર, મોડાસાના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય સાહિત્ય અને ધ્યાન વિષય પર આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજાઇ ગયો હતો જેમાં અમેરિકાથી શ્રી જોહન ગિવોટ મુખ્ય વક્તા અને મહેમાન ઉપરાંત મુંબઈથી શ્રીમતી મેથા મેડમ અને શ્રી અમિતભાઇ (ટીચર, વિપશ્યના) ઉપરાંત સમગ્ર ભારત વર્ષમાંથી વિપશ્યના સ્ટુડન્ટ્સ ઉપસ્થિત રહ્યા હતા અને વિપશ્યના સાધના અંગે ખાનપાનથી શરૂ કરી વિપશ્યનામાં ધ્યાન અને મૈત્રીથી ચિત્તને શ્વાસ પર કેન્દ્રિત કરી માનસિક શાંતિ પ્રાપ્ત થઇ શકે છે તેવી સમજ આપી હતી, અમેરિકાથી વિશેષ ઉપસ્થતિ મુખ્ય વક્તા શ્રી જહોન ગિવોટે શ્રોતાગણને ભારતીયો હોવા અંગે ગૌરવ લેવાં જણાવ્યું હતું અને વિપશ્યના થકી મનની શાંતિથી શિક્ષણ અને ઘણી બધી સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે તે અમેરિકન ઈન્ગ્લિશ ભાષામાં સમજાવ્યું હતું. કોલેજના પ્રિ.ડૉ. અજય કે. પટેલે પોતાની ખુશી વ્યક્ત કરી વિપશ્યનાથી હકારાત્મક ઊર્જા પ્રાપ્ત થવા અંગે જણાવ્યું હતું. કોલેજના ટ્રસ્ટી દિલીપભાઇ કટારા આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને સૌને સુંદર આયોજન કરવા અંગે બિરદાવ્યા હતા.

## ‘ઉદીચ્ય’ પાક્ષિકની વિગત

ફોર્મ નં. ૪ (અધિનિયમ-૮)

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશનનું નામ | : | ‘ઉદીચ્ય’ (ગુજરાતી) |
| ૨. સામયિકતા | : | પાક્ષિક |
| ૩. તંત્રી | : | ડૉ. રજનીકાન્ત પટેલ / ડૉ. ચંદુજી ઠાકોર |
| પ્રકાશક | : | કુલસચિવશ્રી |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | યુનિવર્સિટી ગ્રંથપાલ<br>હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, યુનિવર્સિટી રોડ,<br>પાટણ – ૩૮૪૨૬૫ |
| ૪. માલિક | : | કુલસચિવ<br>હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, યુનિવર્સિટી રોડ, પાટણ – ૩૮૪૨૬૫ |

હું ડૉ. રજનીકાન્ત પટેલ યુનિવર્સિટી ગ્રંથપાલ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ આથી એકરાર કરું છું કે, ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

સહી
(ડૉ. રજનીકાન્ત પટેલ)
યુનિવર્સિટી ગ્રંથપાલ

## વિજ્ઞપ્તિ

આપના અનુસ્નાતક વિભાગ તથા કૉલેજમાં યોજવામાં આવતી વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકો-વિદ્યાર્થીઓએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓની અદ્યતન માહિતીની ટૂંકીનોંધ કાગળની એક જ બાજુએ ટાઇપ કરેલ (શક્ય હોય તો ફોટો સહિત) ‘ઉદીચ્ય’માં પ્રસિદ્ધ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી

ડૉ. રજનીકાન્ત પટેલ
યુનિવર્સિટી ગ્રંથપાલ
શિવાભાઇ ઉમેદભાઇ પટેલ ગ્રંથાલય
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
E-Mail : udichyahngu@gmail.com

## સબરસ

સવાર સવારમાં પત્નીએ પતિને ત્રણ ધૂમ્બા અને બે પાટા મારી લીધાં.

પતિ : કારણ વગર કેમ માર્યા?

પત્ની : અમારે પણ માર્ચ એન્ડીંગ છે ટાર્ગેટ પૂરો કરવો ને!!

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor : Dr. Rajanikant Patel** (University Librarian), **Dr. Chanduji Thakor**
Published by : **Registrar,** Hemchandracharya North Gujarat University, Patan.
Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O
વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/–   કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–